| | |
|---|---|
| PUBLICATION NAME : | Divya Bhaskar |
| EDITION : | Ahmedabad |
| DATE : | 03/10/2022 |
| PAGE : | 05 |

# જ્ઞાનથી જ વિશ્વાસ, ખુશી, શાંતિ મળે છે: કેરળના રાજ્યપાલ

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

મહાત્મા ગાંધીજીનાં મૂલ્યો અને આદર્શોને બિરદાવવા માટે ઈડીઆઈ (આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા)માં ગાંધી જયંતીએ 'વૈશ્વિક શાંતિ અને સાતત્યતા' પર વિશેષ લેક્ચરનું આયોજન કરાયું હતું, જેમાં ઉપસ્થિત કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને જણાવ્યું હતું કે, 'શાંતિના માર્ગ પર સૌથી મોટો અહેસાસ એ છે કે જ્ઞાનથી વિશ્વાસ, ખુશી અને શાંતિ મળે છે. એટલે વ્યક્તિએ સતત જ્ઞાન મેળવતા રહેવું જોઈએ. જ્યારે આપણે સમજીએ કે વિવિધતા જ પ્રકૃતિનો કાયદો છે. આપણે શાંતિથી જીવવા ઈચ્છતાં હોય તો આપણે સ્વીકારવું પડશે કે સભ્યતાનો પાયો વિવિધતા છે. વિવિધતામાં એકતા અને તેની તમામ વિવિધતા સાથે માનવજાતની સેવા કરવી તે મુખ્ય લક્ષ્યાંક હોવો જોઈએ.'